1. મહાવીર સ્વામીના મતે મોક્ષ(નિર્વાણ) ની પ્રાપ્તિ ક્યારે થાય છે.

➢ મહાવીર સ્વામીના મતે જીવને પોતાનાં કર્મો ના કારણે જ સુખ:દુખ ભોગવવાં પડે છે અને વારંવાર જન્મો લેવા પડે છે. માનવીને કર્મોનાં બંધનોમાંથી મુક્ત થવાથી જ જન્મના ફેરામાંથી મુક્તિ મળે છે અને મોક્ષ (નિર્વાણ)ની પ્રાપ્તિ થાય છે.

2. કર્મનાં બંધનોમાંથી મુક્ત થવા મહાવીર સ્વામીએ કયો માર્ગ બતાવ્યો ?

➢ કર્મનાં બંધનોમાંથી મુકત થવા મહાવીર સ્વામીએ સમ્યક જ્ઞાન, સમ્યક દર્શન અને સમ્યક્ ચારિત્ર્યનો માર્ગ બતાવ્યો.

3. મહાવીર સ્વામીએ સંચિત કર્મોને ઓછો કરવા કેવા પ્રકારના ‘તપ’ કરવાનો ઉપદેશ આપ્યો?

➢ મહાવીર સ્વામીએ સંચિત કર્મોને મોછાં કરવા ઉપવાસ, દેહદમન, પ્રાયશ્ચિત, સેવા, ધ્યાન વગેરે પ્રકારનાં ‘તપ’ કરવાનો ઉપદેશ આપ્યો.

4. જૈન ધર્મના કયા બે પંથો પડ્યા? તેની વિશેષતા શી હતી?

➢ જૈન ધર્મના મહેતાંબર અને દિગંબર એવા બે પંથો પડયા. જે જૈનો મૂર્તિઓની પુજા તથા સાધુઓને માટે જેત વસ્ત્રોના હિમાયતી હતા તેઓ ‘શ્વેતાંબરપંથી’ કહેવાયા અને જે જૈનો આસનસ્થ અને ચક્ષુયુક્ત મૂર્તિનોની પૂજા ભક્તિ કરવામાં માનતા હતા તથા સાધુઓને વસ્ત્રો ન હોવાં જોઈએ તેમ માનતા હતા તેનો ’દિગંબરપંથી’ કહેવાયા.

5. બૌદ્ધ ધર્મના ચાર ‘આર્ય સત્યો’ કયાં ક્યાં છે?

➢ બૌદ્ધ ધર્મના ચાર આર્ય સત્યો : (1) સંસાર દુ:ખમય છે. (2) દુ:ખનું કારણ મોહ અને તૃષ્ણા છે. (3) મોહ અને તૃષ્ણાનો નાશ કરવાથી દુ:ખનો પણ નાશ થાય છે. (4) આમ કરવા માટે માનવીએ પોતાના આચારવિચારને સત્યમાર્ગ પર પડવા જોઈએ.

6. બૌદ્ધ ધર્મના સત્યમાર્ગમાં કયા આઠ પ્રકારનાં સભ્ય અંગોનો સમાવેશ થાય છે ?

➢ બૌદ્ધ ધર્મના સત્યમાર્ગમાં આ આઠ પ્રકારનાં સમ્યક અંગોનો સમાવેશ થાય છે : (1) સમ્યક્ દષ્ટિ, (2) સમ્યક સંકલ્પ, (3) સમ્યક વાણી, (4) સમ્યક્ કર્મ, (5) સમ્યક આજીવિકા, (6) સમ્યક વ્યાયામ, (7) સમ્યક સ્મૃતિ અને (8) સ્મયક સમાધિ.

7. બૌદ્ધ ધર્મનાં ક્યાં ત્રણ પ્રસિદ્ધ સુત્રો હતાં?

➢ બૌદ્ધ ધર્મનાં આ ત્રણ પ્રસિદ્ધ સૂત્રો હતાં : (1) બુદમ શરણે ગચ્છામી , (2) સંઘ શરણં ગચ્છામી અને (3) ધર્મ શરણ ગચ્છામિ. અર્થાત બોદ્ધ ધર્મમાં પહેલાં બુધ્ધ ને તથા ધર્મને શરણે જઇને , આખરે તો સંઘને જ શરણે જવાનું કરવામાં આવ્યું હતું.

### 8. બુદ્ધની કઈ પ્રવૃત્તિ "સામાજિક ક્રાંતિ" હતી ?

- બુદ્ધ સમાજના ગરીબો, તિરસ્કૃત્તો, શોષિતો અને પીડિતો મોક્ષનાં દ્વાર ખોલી નાખ્યો અને સમાજમાં તેમને ગૌરવ અને અમાન અપાવ્યું. બુદ્ધની આ પ્રવૃત્તિ 'સામાજિક ક્રાંતિ' હતી.

### 9. ચૈત્યોની શી વિશેષતા હતી?

- ગુફાવિહારોની જેમ ચૈત્યો પણ પર્વત કોતરીને બનાવવામાં આવતા. ગુફાવિહારી સાદા હતા અને તેમનો ઉપયોગ બોદ્ધ સાધુઓનાં રહેઠાણ અને અભ્યાસ તરીકે થતો. જ્યારે ચૈત્યોમાં હારબંધ સ્તંભો, દરવાજા, વિશાળ પ્રાર્થના મંડપ વગેરે કોતરીને ગુકાને મંદિરનો આકાર આપવામાં આવતો. તેનો પ્રાર્થનાગૃહ તરીકે પણ ઉપયોગ થતો, તેના સ્તંભો પર ઝીણવટભર્યું કોતરકામ કરવામાં આવતું.

### 10.તૂપની શી વિશેષતા હતી?

- સ્તુપ એ બૌદ્ધ સ્થાપત્યનું વિશિષ્ટ અંગ છે. સ્તૂપો ગૌતમ બુદ્ધના અવશેષો પર બાંધવામાં આવતા. તેમની આકૃતિ અર્ધગોળાકાર રહેતી. તે ઈંટોના કે પથ્થરોના બનાવવામાં આવતા. તેની આજુબાજુ સાદી કે કોતરકામવાળી લાકડાની કે પથ્થરની વાડ બનાવવામાં આવતી. આ વાડમાં જુદી જુદી જગ્યાએ દરવાજા રાખવામાં આવતા અને દરવાજા પર સુંદર કોતરકામ કરવામાં આવતું.

### 11.મહાવીર સ્વામીને પાર્શ્વનાથના જે અનુયાયી કેમ માનવામાં આવે છે?

- જૈનોની માન્યતા પ્રમાણે જૈન ધર્મની સ્થાપના અનાદિકાળથી થયેલી છે. મહાવીર સ્વામી પહેલાં જૈન ધર્મના ત્રેવીસ તીર્થંકરો થઈ ગયા હતા, મહાવીર સ્વામી ચોવીસમા અને છેલ્લા તીર્થંકર હતા. ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથે ઈ. સ. પૂર્વે 700 આસપાસ અહિંસા, અસ્તેય, સત્ય અને અપરિગ્રહ એમ ચાર મહાવ્રતો આપ્યાં હતાં. મહાવીર સ્વામીએ તેમાં 'બ્રહ્મચર્ય'નો પાંચમા વ્રત તરીકે ઉમેરો કર્યો. આથી મહાવીર સ્વામીને પાર્શ્વનાથના જ અનુયાયી માનવામાં આવે છે.

### 12.મહાવીર સ્વામી શાથી 'જિન' કહેવાયા?

- માતાપિતાના અવસાન પછી 30 વર્ષની વયે મોટા ભાઈ નંદવર્ધનની રજા લઈ મહાવીર સ્વામીએ સંસારનો ત્યાગ કર્યો. આ પછી તેમણે બાર વર્ષ સુધી ઉગ્ર તપશ્ચર્યા કરી અને તેરમે વર્ષે તેમને કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થયું. તેમણે તપ દરમિયાન ઇન્દ્રિયો પર વિજય મેળવ્યો હતો. આથી મહાવીર સ્વામી 'જિન' (ઇન્દ્રિયોને જીતનાર) કહેવાયા.

### 13.સામાજિક ક્ષેત્રે મહાવીર સ્વામીને પ્રખર સમાજ સુધારક શાથી માનવામાં આવે છે ?

- મહાવીર સ્વામીએ જ્ઞાતિવાદનાં જડ બંધનોથી પર બની, સમાનતાના પાયા પર સમાજની રચના કરી. સમાજના પછાત, તિરસ્કૃત, ઉપેક્ષિત અને વર્ષોથી અલિપ્ત રહેલા વર્ગોના લોકોને તેમણે જેન સમાજમાં ઊંચું સ્થાન અને દરજ્જો આપ્યાં. સ્ત્રીઓને પણ તેમણે દીક્ષા લેવાનો અને મોક્ષપ્રાપ્તિનો અધિકાર આપ્યો. આમ, સામાજિક ક્ષેત્રે મહાવીર સ્વામીને પ્રખર સમાજસુધારક માનવામાં આવે છે.

## 14.ગુજરાતના મહેમચંદ્રાચાર્ય 'કલિકાલસર્વજ્ઞ'નું બિરુદ શાથી પામ્યા?

➤ ગુજરાતના મહેમચંદ્રાચાર્ય જૈન ધર્મના અને જૈન સાહિત્યના તેજસ્વી તારક ગણાય છે, સિદ્ધહેમ શો 'શબ્દાનુશાસન' નામે પ્રાકૃત ભાષાનો વ્યાકરણ ગ્રંથ તથા વ્યાકરણના નિયમોને ઉદાહરણ સહિત નિરૂપતું 'તયાશ્રય' નામનું મહાકાવ્ય તેમણે રચેલા પ્રસિદ્ધ ગ્રંથો છે, ગુજરાતે મધ્યકાલીન ભારતને હૈમચંદ્રાચાર્ય જેવા મહાવિદ્વાની ભેટ આપી ભારતીય સંસ્કૃતિની મહાન સેવા કરી છે. આથી હેમચંદ્રાચાર્ય 'કલિકાલસર્વજ્ઞ'નું બિરુદ પામ્યા.

## 15.ગૌતમ કઈ રીતે 'બુદ્ધ' બન્યા?

➤ ગોતમે માનવજાતિને દુઃખોમાંથી છોડાવવાનો ઉપાય શોધવા માટે પોતાની પત્ની અને બાળક સહિત બધાં જ સુખ અને વૈભવયુક્ત સંસારનો ત્યાગ કર્યો. ગૌતમે થોડો સમય યોગીઓ અને તપસ્વીઓ પાસે યોગ, હઠયોગ અને તપશ્ચર્યાની દીક્ષા લીધી, આકરું દેહદમન કર્યું, પરંતુ તેમને મુક્તિનો સાચો ઉપાય ન જડ્યો. છેવટે એક વૈશાખી પૂર્ણિમાએ 'બોધિ' વૃક્ષની છાયામાં તેમને જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થયો અને તેઓ 'બુદ્ધ' (જાગ્રત, જ્ઞાની) બન્યા.

## 16.મૌર્ય સમ્રાટ અશોકે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો તે બૌદ્ધ ધર્મના ઈતિહાસમાં શકવર્તી ઘટના સાથી ગણાય છે ?

➤ ઈસુ પૂર્વેની ત્રીજી સદીમાં લિગના યુદ્ધ પછી મોર્ય સમ્રાટ અશોકે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો. તેણે બૌદ્ધ ધર્મને એક પ્રાંતીય ધર્મમાંથી વિશ્વધર્મની કક્ષાએ પહોંચાડ્યો. તેણે બોદ્ધ સાધુઓ અને સાધ્વીઓને ભારતમાં અને ભારતની બહાર શ્રીલંકા, પશ્ચિમ એશિયા, ઉત્તર આફ્રિકા, સીરિયા, પેલેસ્ટાઈન તથા ગ્રીસમાં ધર્મપ્રચાર માટે મોકલ્યાં. આને કારણે આ બધા પ્રદેશોમાં બો ધર્મ ફેલાયો. આમ, મૌર્ય સમ્રાટ અશોકે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો તે બૌદ્ધ ધર્મના ઈતિહાસમાં શકવર્તી ઘટના ગણાય છે.

## 17.લોકશાહી ભાવનાનો આદર્શ અને અમલ એ બૌદ્ધ ધર્મની ભારતીય સંસ્કૃતિને મળેલી અણમોલ ભેટ શાથી ગણાય છે ?

➤ બોદ્ધ ધર્મે લોકશાહી આદર્શ અપનાવ્યો હતો. બૌદ્ધ સાધુઓ અને સાધ્વીઓના સંઘની રચના લોકશાહીના પાયા પર થતી હતી. બૌદ્ધ મઠ-પ્રણાલી લોકશાહી સ્વરૂપની હતી. સંઘનું સભ્યપદ મેળવવા માટે નાત, જાત કે ઊંચ નીચના કોઈ ભેદભાવ ન હતા. નવા દાખલ થનાર સભ્ય સમગ્ર સંઘની પરવાનગી મેળવવી પડતી હતી. સંઘને લગતા તમામ નિર્ણયો સંઘની પરવાનગીથી લેવામાં આવતા હતા. બૌદ્ધ ધર્મમાં સંઘને જો સર્વોપરી માનવામાં આવતો હતો. આમ, લોકશાહી ભાવનાનો આદર્શ અને અમલ એ બૌદ્ધ ધર્મની ભારતીય સંસ્કૃતિને મળેલી અણમોલ ભેટ ગણાય છે.